**<u>મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં કૃષિ ક્ષેત્રે કારકિર્દી વિષયપર કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, ગોધરાની દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું</u>**

તા. ૧૦/૧૨/૨૦૨૫ ના રોજ મહીસાગર જિલ્લાના લુણાવાડાની કિશાન માધ્યમિક વિદ્યાલયના ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે કૃષિ ક્ષેત્રે રહેલ કારકિર્દી વિષયપર જિલ્લા શિક્ષણ અધિકારીના સહયોગથી કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલ દ્વારા કૃષિ અને કૃષિ સલ્ગ્ન ક્ષેત્રમાં રહેલી રોજગારની તકો, સરકારી નોકરીઓ તથા ધંધાકીય માર્ગદર્શન વિષય પર સેમિનારનું આયોનન કરવામાં આવેલું, આ સેમિનારનું આયોજન ડો. કે. બી. કથીરિયા, માનનિય કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી અને રજીસ્ટ્રાર, આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની સાથે સ્કૂલના આચાર્યશ્રીઓ તથા અન્ય શિક્ષકગણ પણ હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ ડો. આર. સુબૈયાહ, આચાર્ય અને ડિનશ્રી, કૃષિ ઈજનેરી અને અને ટેકનોલોજી મહાવિદ્યાલયના નેતૃતવથી કરવામાં આવ્યો હતો. જેમાં સ્કૂલના કુલ ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ એ ભાગ લીધેલ હતો. આ કાર્યકમને સફળ બનાવવા ડો. બી. એ. અમિન, પ્રાધ્યાપક અને વડા, બેજીક એંજિયરિંગ અને એગ્રીકલ્ચરલ સાયન્સ, ડો. એ.એન. કુનપરા, સહ પ્રાધ્યાપક અને વડા, જળ અને જમીન સંરક્ષણ અને સિચાઈ અને ડ્રેનેજ વિભાગ, પ્રો. નિરવ પંપાણીય, મદદનીશ પ્રાધ્યાપક અને ડો. સંજય પારગી, સિનિયર રિસર્ચ આસિસ્ટન્ટ દ્વારા જહેમત હાથ ધરવામાં આવી હતી. ડો. અમિને ગુજરાત રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટી દ્વારા ચાલતા ડિપ્લોમા પોલિટેકનિક તથા સ્નાતક કક્ષાના વિવિધ કોર્ષમાં પ્રવેશ પ્રક્રીયા, પાત્રતા અંગે સચોટ માહિતી આપવામાં આવેલ હતી. તેમણે વધુમાં યુનિવર્સિટીમાં આવેલ સુવિધ જેમ કે લેબોરેટરી, ક્લાસરુમ, લાઈબ્રેરી, હોસ્ટેલ, મેસ, રમતગમતનું મેદાન અને ઓડિટોરીયમ તથા અન્ય સુવિધા વિષે વિગતવાર માહિતગાર કરવામાં આવ્યા. આ ઉપરાંત તેઓને રાજ્યની કૃષિ યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવતી વિવિધ રમતો-ગમ્મત અને સાંસ્કુતિક કાર્યકમમાં રુચિ લઈ દેશભરમાં ભાગ લઈ શકે તે માટે પ્રોત્સાહિત કરવામાં આવેલા. ડો. કુનપરા દ્વારા સમજાવ્યું કે કૃષિ યુનિવર્સિટી દ્વારા ચાલતા વિવિધ કોર્ષમાં પ્રવેશ મેળવી કઇ રીતે કૃષિ સલગ્ન વિવિધ જાહેર ક્ષેત્ર અને સરકારી નોકરીની તકો તથા ઉદ્દ્યમી બની શકે છે. ડો. સૂબૈયાહ દ્વારા વિદ્યાર્થીઓને કૃષિમાં નવીનતમ ટેકનૉલોજિ દ્વારા કૃષિને વધારે સારી રીતે યાંત્રિકરણ કરી શકાય છે તે માટે કૃષિ સ્નાતકોની વિપુલ તકો રહેલી છે તેમ સમજાવ્યું. આ ઉપરાંત તેઓએ વિદ્યાર્થીઓ ને કૃષિ સલ્ગ્ન વિષયપર અભ્યાસ કરી ઉદ્દ્યમી બની પોતે આત્મનિર્ભર બની શકે છે. આમ કૃષિ ઈજનેરી ફેકલ્ટી દ્વારા વિવિધ વિષય પર માહિતી આપવામાં આવેલ અને મોટી સંખ્યામાં વિધ્યાર્થીઓ ભાગ લીધો હતો.




Important Websites






GPS Map Camera
Lunawada, Gujarat, India
4jg3+gjc, Gj Sh 5, Chintamani Parshawanath
Society, Lunawada, Gujarat 389230, India
Lat 23.126723° Long 73.604285°
Wednesday, 10/12/2025 10:51 AM GMT +05:30
Google


GPS Map Camera
Lunawada, Gujarat, India
4jg3+gjc, Gj Sh 5, Chintamani Parshawanath
Society, Lunawada, Gujarat 389230, India
Lat 23.126718° Long 73.604236°
Wednesday, 10/12/2025 10:49 AM GMT +05:30
Google